રજૂ તારીખ : ૨૮/૦૨/૨૦૨૬.
દાખલ તારીખ : ૨૮/૦૨/૨૦૨૬.
ફેંસલ તારીખ : ૧૩/૦૩/૨૦૨૬.
અવધિ : વર્ષ–૦૦, માસ–૦૦, દિન–૧૪.
આંક : .

**મે. સુરતના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી આગોતરા જામીન અરજી નંબર : ૧૮૦/૨૦૨૬.**

**અરજદાર :–** **પૃથ્વીરાજ હીરાલાલ કલાલ,**
રહેવાસી : મકાન નંબર : ૧૫, સાંઇ કુટિર,
જે.પી.બી. કેનાલ પાસે, બગુમરા,
તાલુકો : પલસાણા, જીલ્લો : સુરત.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા માટેની અરજી.**

==================================================

**અરજદાર તરફે વિ. વકીલ શ્રી પી. આઇ. જોધપુરીયા.**

**સામાવાળા તરફે વિ. સ્પે. પી.પી. શ્રી કે. કે. રોહિત.**

==================================================

**–:: ચુ કા દો::–**

(૧) આ કામના અરજદારની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, પલસાણા પોલિસ સ્ટેશન પાર્ટ "સી" ગુના રજિ. નંબર : ૧૧૨૧૪૦–૪૬૨૬૦૧૬૬/૨૦૨૬, પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(ઇ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબના ગુનાના કામે પોલિસ ધરપકડ કરે તેવી વાજબી દહેશત હોવાથી અરજદારે આગોતરા જામીન મેળવવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ મુજબ હાલની આગોતરા જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદારના વિ. વકીલ શ્રી પી. આઇ. જોધરપુરીયાની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, અરજદાર સામે પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદારે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઈ ગુનો કરેલ નથી. અરજદાર નિર્દોષ છે અને તેઓને ખોટી રીતે સદર ગુનામાં સંડોવી દેવામાં આવેલા છે. સહઆરોપીના નિવેદનના આધારે અરજદારને સદર ગુનામાં સાંકળી લેવામાં આવેલા છે. અરજદારની સ્થળ ઉપર હાજરી જણાઇ આવતી નથી. સદર કામે બાતમીદારનું નિવેદન લેવામાં આવેલ નથી. સદર ગુનાના કામે તમામ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે, જેથી અરજદાર પાસેથી કોઇ રીકવરી કે ડિસ્કવરી કરવાનો કોઇ પ્રશ્ન રહેતો નથી. અરજદાર સામે કોઇ પ્રથમદર્શનીય કેસ જણાઇ આવતો નથી. સદર ગુનાના સહઆરોપીઓને અત્રેની અદાલતે જામીન ઉપર મુકત કરેલા છે. આરોપી સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઈ આક્ષેપ નથી. જો પોલિસ અરજદારને અટક કરે તો તેઓની પ્રતિષ્ઠાને નુકસાન થાય તેમ છે. સદર કામે અરજદારના કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશનની કોઈ જરૂર જણાતી નથી. અરજદાર સુરત જીલ્લાના કાયમી રહેવાસી છે. અરજદાર વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ટ્રાયલ સમયે તેઓની હાજરી ઉપલબ્ધ બની રહેશે. નામ. અદાલત જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદાર રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી હાલની અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

(૩) સદર કામે વિ. સ્પે. પી.પી. શ્રી કે. કે. રોહિતની દલીલો સાંભળી. તેઓની રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબના ગુનાનો આક્ષેપ છે. બાતમી આધારે સહઆરોપીઓ સંજય શાક, રાજકુમાર શા તથા સત્યેન્દ્ર શાના મકાનમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો, નંગ–૮૭૬, કિંમત રૂ.૫,૪૧,૨૦૦/– નો જથ્થો મળી આવેલ. સદર જથ્થો હાલના અરજદારે સહઆરોપીઓને પૂરો પાડેલ હતો. આમ, હાલના અરજદારે સહઆરોપીઓને દારૂનો જથ્થો પૂરો પાડી ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ છે. પોલિસ તપાસના કાગળો જોતાં અરજદાર સામે પ્રથમદર્શનીય

કેસ જણાઇ આવે છે. હાલમાં સદર ગુનાની તપાસ ચાલુ છે. અરજદાર ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. અરજદારના કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશનની આ કામે જરૂરિયાત છે. જો અરજદારને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ ફરી આવા ગુનાઓ કરે તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૪) આમ, ઉપર મુજબની અરજદારના વિ. વકીલશ્રીની રજૂઆતો સાંભળી. તપાસનીશ અમલદાર તરફે રજૂ થયેલ એફીડેવીટ વંચાણે લીધી. પોલિસ તપાસના કાગળો વંચાણે લીધાં.

(૫) આ કામના અરજદાર સામે પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(ઇ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબના ગુનાનો આક્ષેપ છે. બાતમી આધારે પોલિસ તથા પંચોના માણસોએ કારેલી ખાતે સહઆરોપીઓ સંજય હુકમચંદ શા, રાજકુમાર જમના શા તથા સત્યેન્દ્ર જમના શાના મકાનમાં રેઈડ કરતાં ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો, નંગ–૮૭૬, કિંમત રૂા.૫,૪૧,૨૦૦/– નો જથ્થો મળી આવેલ. સદર જથ્થો હાલના અરજદારે ઉપરોકત સહઆરોપીઓને પૂરો પાડેલ હતો. આમ, હાલના અરજદાર સામે સહઆરોપીઓને વિપુલ પ્રમાણમાં દારૂનો જથ્થો પૂરો પાડવા સંબંધેનો આક્ષેપ જણાઇ આવે છે. પોલિસ તપાસના કાગળો વંચાણે લેતાં અરજદારે સદર ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ હોવાનું અને તેઓ સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઇ આવે છે. વળી, હાલના અરજદાર ગુનો બન્યો ત્યારથી એટલે કે એક માસ ઊપરાંતના જેટલા સમયથી નાસતા ભાગતા ફરે છે અને આજ દિન સુધી તેઓની ધરપકડ શક્ય બનેલ નથી, જેથી અરજદાર કાયદાને માન આપનાર વ્યક્તિ નથી તેમ જણાઇ આવે છે. સદર ગુનાના સહઆરોપીઓને અત્રેની અદાલતે જામીન ઉપર મુકત કરેલા છે, જે હકીકત હાલની અરજીનો નિર્ણય કરતાં સમયે ધ્યાને લેવામાં આવેલ છે, પરંતુ ઉપરોકત સહઆરોપીઓને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવેલા છે, જયારે હાલના અરજદારે આગોતરા જામીન અરજી દાખલ કરેલ છે. હાલમાં સદર ગુનાની પોલિસ તપાસ ચાલુ છે અને સદર ગુનાની તલસ્પર્શી તપાસ

માટે અરજદાર/આરોપીના કસ્ટોડિયલ ઇન્ટ્રોગેશનની આવશ્યકતા હોવાનું પણ જણાઇ આવે છે. તપાસનીશ અધિકારીની એફીડેવીટ ધ્યાને લેતાં અરજદાર સામે અન્ય બે ગુનાઓ નોંધાયેલ હોવાની હકીકત જણાઇ આવે છે, એટલે કે અરજદાર ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. દારૂનાં વેચાણ ઉપર અંકુશ આવે તેવા સમાજનાં વિશાળ હિતને ધ્યાનમાં રાખી નામ. સરકારશ્રી દ્વારા દારૂબંધીનો કાયદો વધુ કડક કરવા માટે તેમાં સુધારો કરવામાં આવેલ છે તથા સજાની જોગવાઈમાં પણ ફેરફાર કરવામાં આવેલ છે. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં હાલના અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાતું ન હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

અરજદાર/આરોપી પૃથ્વીરાજ હીરાલાલ કલાલની હાલની ફોજદારી આગોતરા જામીન અરજી નંબર : ૧૮૦/૨૦૨૬ આથી નામંજૂર કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૧૩ મી, **માહે :** માર્ચ, **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૧૩/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE– GJ01594